# BUSINESS મિક્સ Plus

## વૈશ્વિક અનિશ્ચિતતા સાથે અમેરિકાના ટેરિફની ભીતિથી શેરબજારમાં હલચલ ચાલુ રહેશે



વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની વચ્ચે અમેરિકાના ટેરિફ વધારાની ભીતિથી આગામી દિવસોમાં ભારતીય શેરબજારમાં બેઉતરફી હલચલ જોવા મળી શકે છે. એકબાજું અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં કોઇ પરિણામ દેખાતું નથી, ત્યારે ગત સપ્તાહતમાં ક્રુડ ઓઈલનો ઘટાડો થયો હતો, તેમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો છે. જેમાં ઈરાને સ્પષ્ટ જાહેરાત કરી છે કે, હજુય સુધી હોર્મુઝ ખોલશે નહીં, જ્યાં સુધી યુએસ તેમની બધી સ્વીકારે નહીં, એટલે કે આગામી સપ્તાહમાં ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થવાની આશંકા છે. બીજી બાજુ અમેરિકાની સેનેટ દ્વારા બિલ પાસ થઈ ગયું છે અને તેના લીધે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ અને કુદરતી ગેસ ખરીદનારા દેશો ઉપર 100 ટકા સુધીના ટેરિફ નાંખવામાં આવી શકે છે, જોકે હજુય આયાતમાં મોટા પાયે વધરો કરીને ક્રુડ ઓઈલની આયાત રશિયા સાથે ચાલુ રાખશે, બીજી તરફ ચીન તરફ વ્યાપારિક સંબંધો સુધારીને અમેરિકાને પાઠ ભણાવી શકે છે. પણ હાલની સ્થિતિએ નિકાસના ડેટા જોઈએ તો અમેરિકામાં નિકાસમાં વધુ 100 ટકા ટેરિફ લાગશે તો મોટો ફટકો પડી શકે છે, પણ આ સમસ્યા અને અમેરિકાની દાદાગીરીનો કાયમી ઉકેલ લાવવા માટે પ્રયાસ શરૂ કરી દેવો જોઈએ.

જોકે, ભારતીય શેરબજાર માટે સારી બાબત એ છે કે, દક્ષિણ કોરિયાના બજારોમાંથી વિદેશી રોકાણકારો ધીમે ધીમે નફો બુક કરીને બહાર નીકળી ગયા છે. જેથી આ રોકાણ ભારતીય શેરબજાર તરફ વળી શકે છે. જુન બાદ જુલાઈમાં એફઆઈઆઈની ભારતીય શેરબજારમાં પસંદગીના શેરોમાં રી એન્ટ્રી થતી જોવા મળી છે. જે આગળ વધતી જોવા મળી શકે છે. આ સિવાય સરકાર પણ વિદેશી રોકાણકારોને દેશમાં આકર્ષવા માટેના ચોતરફી પ્રયાસો થઈ રહ્યા છે અને તેમાં કેટલાક મુદ્દે સફળ થઈ રહ્યા છે. જેના લીધે આવનારા સમયમાં એફઆઈઆઈનું રોકાણ ફરી એકવાર ભારતીય શેરબજારમાં વધશે.

સેબીએ ભારતીય શેરબજારમાં આંતરરાષ્ટ્રીય સીસ્ટમ અને નિયમનો લાગુ કરતા જઈને હવે નવી ક્લોઝીંગ ઓકશન મિકેનિઝમ લાગુ કરીને હાલ તુરંત ખરેખર પોઝિશન હેજ કરવા માંગનારાને જ એક્સચેન્જ પ્રાઈસનો ઉપયોગ કરી શકે એવી પહેલા કરી છે. જેના પરિણામે ટર્નઓવર ઉભું કરીને અને માત્ર ગાળિયોઃભાવ તફાવતની તારવણી કરીને શેરબજારમાં નફો કરનારા વર્ગનું આકર્ષણ ઘટાડી દીધું છે. પ્રાઈસ ડિસ્કવરીમાં આ સીસ્ટમ આગળ જતાં સચોટ પુરવાર થવાની પુરી શકયતા છે. જો સેબી બ્રોકરોના દબાણને વશ ન થાય તો. એક તરફ સેબી એફ એન્ડ ઓ એના કેસીનો પર અંકુશ મુકીને યુવા પેઢીને બરબાદ થવાના માર્ગે જતા અટકવવા માગે છે. ત્યારે આ શક્યતા છે અને કેશ સેગમેન્ટમાં શેરોમાં રોકાણ વૃત્તિ વધવાની અને ફંડો સાથે ઈન્વેસ્ટરોની ડિલીવરી બેઝડ ખરીદી વધવાની શક્યતા છે.

આ તમામ પાસાઓને ધ્યાન પર જોતાં એવું લાગી રહ્યું છે કે,

### માર્કેટ વોચ

શેરબજારમાં વધઘટ જોવા મળશે જો નવા કોઈ નકારાત્મક અહેવાલો નહીં આવે તો વિદેશી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોના જોરે શેરબજારમાં મોટો ઘટાડો જોવા નહીં મળે અને સુધારા સાથે પણ બંધ રહી શકે છે. આમ, આગામી સપ્તાહમાં શેરબજારમાં સેન્સેક્સ 77800થી 79500 પોઈન્ટની વચ્ચે અથડાતું જોવા મળી શકે છે. જ્યારે નિફ્ટી 24350થી 24800 પોઈન્ટની વચ્ચે રહેવાની સંભાવના છે.

### ડીઆઈઆઈની ખરીદીને એફઆઈઆઈનો ટેકો મળવાનું શરૂ થયું, જે આવનારા દિવસોમાં રોકાણ વધશે

તેને હાઉસમાં પસાર કરવાનું છે, પણ આ ભીતિ સેવાઈ રહી છે કે, ભારતને આ વધારાના 100 ટકાના ટેરિફનો બોજ સહન કરવો પડી શકે છે. આમ, બંને મુદ્દાઓને જોઈએ તો ભારતીય શેરબજારમાં આગળ વધતા સુધારાને બ્રેક મારી શકે છે. જોકે, ભારત પણ અમેરિકાના આ દબાણને વસમાં થાય તેવું લાગતું નથી, તેઓ અમેરિકા પાસેથી કુદરતી ગેસની

## દરેક પરિવારે એક ચોક્કસ જગ્યાએ રાખવા જોઈએ તેવા પાંચ ફાઈનાન્સિઅલ પેપર્સ




મોટાભાગના પરિવારો વર્ષોથી પોતાના નાણાંકીય ખર્ચાઓનું નિર્માણ કરે છે. તેઓ વીમો ખરીદે છે, મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે છે, ફિક્સ્ડ ડિપોઝિટ ખોલે છે અને સમયસર હોમ લોનના EMI ચૂકવે છે. છતાં, જ્યારે કટોકટી આવે છે, ત્યારે ઘણા લોકોને ખ્યાલ આવે છે કે આ રોકાણોને લગતા દસ્તાવેજો ડ્રોઅર, ઇમેઇલ ઇનબોક્સ અને જૂના ફોલ્ડરમાં પથરાયેલા હોય છે. સમસ્યા હંમેશા આયોજનનો અભાવ નથી હોતી. તે સંગઠનનો અભાવ છે. જો તમારા પરિવારને ખબર ન હોય કે મહત્વપૂર્ણ નાણાકીય કાગળો ક્યાં રાખવામાં આવ્યા છે અથવા તમારી પાસે કઈ સંપત્તિ છે, તો વીમાનો દાવો કરવો, બેંક ખાતાઓ એક્સેસ કરવા અથવા રોકાણો ટ્રાન્સફર કરવા એ જરૂર કરતાં વધુ મુશ્કેલ બની શકે છે.

૧. આઇડેન્ટિટી કાર્ડ અને બેંક રેકોર્ડ

મૂળભૂત બાબતોથી શરૂઆત કરો. આધાર, PAN, પાસપોર્ટ, મતદાર ID અને અન્ય ઓળખ દસ્તાવેજો શોધવામાં સરળ હોવા જોઈએ. પાસબુક, ચેકબુક, ખાતાની વિગતો અને તમારા બધા બેંક ખાતાઓની યાદી એક ફોલ્ડરમાં રાખો. જો તમે ખાતું બંધ કર્યું હોય, તો મૂંઝવણ ટાળવા માટે જૂના કાગળો કાઢી નાખો. તે બેંક શાખાઓ, ખાતા નંબરો અને રજિસ્ટર્ડ મોબાઇલ નંબરોની સરળ યાદી જાળવવામાં પણ મદદ કરે છે. પરિવારના સભ્યને તમારા પગાર અથવા પેન્શન ક્યાં જમા થયા તે શોધવા માટે વર્ષો સુધી કાગળકામ કરવાની જરૂર ન હોવી જોઈએ.

2. વીમા પોલિસીઓ

જીવન, આરોગ્ય, મોટર અને ઘર વીમા પોલિસી ઘણીવાર દાવો દાખલ ન થાય ત્યાં સુધી ભૂલી જવામાં આવે છે. ખાતરી કરો કે પોલિસી દસ્તાવેજો, પ્રીમિયમ રસીદો, પોલિસી નંબર અને વીમાદાતા સંપર્ક વિગતો એક જ જગ્યાએ ઉપલબ્ધ છે. વધુ મહત્વનું એ છે કે, નોમિની અપડેટ થયેલ છે કે નહીં તે તપાસો. જો તમારા પરિવારને ખબર હોય કે પોલિસી અસ્તિત્વમાં છે તો જ તે ઉપયોગી છે. પોલિસી દસ્તાવેજોને વ્યવસ્થિત રાખવાથી તબીબી કટોકટી દરમિયાન અથવા અણધાર્યા નુકસાન પછી કિંમતી સમય બચી શકે છે.

### વેલ્થ ક્રિએશન

3. રોકાણ રેકોર્ડ

મ્યુચ્યુઅલ ફંડ, ફિક્સ્ડ ડિપોઝિટ, શેર, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF), નેશનલ પેન્શન સિસ્ટમ (NPS), એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ (EPF) અને પોસ્ટ ઓફિસ બચત ઘણીવાર વિવિધ સંસ્થાઓમાં ફેલાયેલી હોય છે. વર્ષોથી, તેમનો ખ્યાલ ગુમાવવો સરળ છે.

તમારા રોકાણોનો એક સરળ રેકોર્ડ રાખો, સાથે સાથે એકાઉન્ટ નંબર, ફોલિયો નંબર અને તે ક્યાં રાખવામાં આવ્યા છે તે સંસ્થાઓનો પણ રેકોર્ડ રાખો. તમારે જટિલ સ્પ્રેડશીટની જરૂર નથી. સારી રીતે જાળવણી કરાયેલ ફાઇલ અથવા ડિજિટલ દસ્તાવેજ જે નિયમિતપણે અપડેટ થાય છે તે પણ મોટો ફરક લાવી શકે છે.

### આજે તમારા નાણાકીય રેકોર્ડ્સ ગોઠવવા માટે વિતાવેલા થોડા કલાકો તમારા પરિવારને તબીબી કટોકટી દરમિયાન અથવા અણધાર્યા નુકસાન પછી અઠવાડિયાની મૂંઝવણ, કાગળકામ અને ટાળી શકાય તેવા વિલંબથી બચાવી શકે છે

૪. મિલકત અને લોનના દસ્તાવેજો


મિલકતના કાગળો ખાસ ધ્યાન આપવાના પાત્ર છે કારણ કે ખૂટતા દસ્તાવેજો બદલવામાં સમય લાગી શકે છે. વેચાણ દસ્તાવેજ, નોંધણી કાગળો, કબજા પત્રો, મિલકત કર રસીદો અને હોમ લોન દસ્તાવેજો સાથે રાખો. જો મિલકત લોન હેઠળ હોય, તો નવીનતમ લોન સ્ટેટમેન્ટ પણ સામેલ કરો. અન્ય ઉધાર માટે પણ આ જ વાત લાગુ પડે છે. વાહન લોન હોય કે શિક્ષણ લોન, જો કંઈક અણધાર્યું બને તો તમારા પરિવારને બાકી રકમ, ધિરાણકર્તાની વિગતો અને ચુકવણીનું સમયપત્રક ખબર હોવી જોઈએ.

૫. તમારું વસિયતનામું અને નોમિનેશનની વિગતો

ઘણા લોકો વસિયતનામા લખવાનું મુલતવી રાખે છે કારણ કે તેઓ માને છે કે તેમની પાસે પૂરતી સંપત્તિ નથી. જો તમે વસિયતનામા તૈયાર કર્યા છે, તો ખાતરી કરો કે તમારા પરિવારને ખબર હોય કે મૂળ દસ્તાવેજ ક્યાં રાખવામાં આવ્યો છે. તે જ સમયે, તમારા બેંક ખાતાઓ, વીમા પોલિસીઓ, EPF અને રોકાણો સાથે જોડાયેલા નોમિનેશનની સમીક્ષા કરો. લગ્ન, છૂટાછેડા અથવા બાળકના જન્મ જેવી કોઈ મોટી ઘટના હોય ત્યારે આ વિગતો અપડેટ કરવી જોઈએ.

નાણાકીય દસ્તાવેજો ગોઠવવા એ જીવનમાં એક વાર બનતું કામ નથી. દર વર્ષે એક કલાક ફાળવો જેથી જૂના કાગળો કાઢી શકાય, રેકોર્ડ અપડેટ કરી શકાય અને પરિવારના કોઈ વિશ્વસનીય સભ્યને જણાવવામાં આવે કે મહત્વપૂર્ણ દસ્તાવેજો ક્યાં સંગ્રહિત છે. તે એક નાની કસરત જેવું લાગે છે, પરંતુ જ્યારે તમારા પ્રિયજનોને સ્પષ્ટતાની સૌથી વધુ જરૂર હોય ત્યારે તે બિનજરૂરી તણાવથી બચાવી શકે છે.

## ‘Not Now, Then Never’: સુરતની IT ક્રાંતિ હવે વધુ રાહ જોઈ શકે નહીં




ભારતની IT ક્રાંતિને પાંચ દાયકાથી વધુ સમય વીતી ગયો છે. 1968માં TCSની સ્થાપનાથી શરૂ થયેલી સફર આજે AI, રોબોટિક્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, IoT, ક્વાન્ટમ કમ્પ્યુટિંગ, Industry 5.0 અને Global Capability Centres (GCC) સુધી પહોંચી છે. 2018માં TCSએ 50 વર્ષની ગોલ્ડન જ્યુબિલી ઉજવી હતી, ત્યારે સુરત ડાયમંડ અને ટેક્સટાઇલ ક્ષેત્રે વિશ્વમાં પોતાની ઓળખ મજબૂત કરી રહ્યું હતું. પરંતુ આજે આશરે 85 લાખથી વધુ શહેરી વસ્તી ધરાવતા સુરતમાં હજુ Tier-1 IT Park, IT SEZ કે વિશિષ્ટ FinTech Hubનો અભાવ છે.

અમદાવાદે આર્થિક મોડલ બદલ્યું, સુરત હવે વૈવિધ્યીકરણ તરફ વળે એવી માંગ ઊઠી છે.

એક સમયનું ‘ માન્ચેસ્ટર ઓફ ઈન્ડિયા’ ગણાતું અમદાવાદ આજે ગિફ્ટ સિટી,ઇન્ફો સિટી, IT, ફિન ટેક,બાયો ટેક, ફાર્મા, ઓટોમોબાઇલ,સ્ટાર્ટઅપ,

અને GCC ક્ષેત્રે આગળ વધ્યું છે. સુરત પાસે વિશ્વસ્તરીય ઉદ્યોગો, શિક્ષણ સંસ્થાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રતિભાશાળી યુવાનો હોવા છતાં સંપૂર્ણ IT ઈકો સિસ્ટમ ઊભી થઈ નથી. પરિણામે બાયો ટેક,રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ,અને IT ક્ષેત્રના યુવાનોને રોજગાર માટે શહેર છોડવું પડે છે. આ Brain Drainને Brain Gainમાં બદલવાની જરૂર છે.

IT ક્ષેત્રના નિષ્ણાત વિશ્વાસ સાવંતના મતે સુરતનું લક્ષ્ય એવું હોવું જોઈએ કે સ્થાનિક યુવાનોને કારકિર્દી માટે શહેર છોડવાની ફરજ ન પડે અને દેશભરમાંથી પ્રતિભા સુરતમાં આવે.IT વિકાસ માટે સુરતના કેટલાક વિસ્તારો નવા ટેક હબ બની શકે છે.MMTH અને બુલેટ ટ્રેન સ્ટેશન વિસ્તાર, એરપોર્ટ રોડ, SVNIT તથા IIIT સુરત આસપાસ, VNSGU, મેટ્રો સ્ટેશનો, ઉત્રાણ-કોસાડ Digital Valley તથા Outer Ring Roadના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ Growth Corridorને IT વિકાસ માટે વિકસાવી શકાય. નવી મુંબઈના વાશી-બેલાપુરના સ્ટેશન આધારિત બિઝનેસ ડિસ્ટ્રિક્ટ મોડલનો અભ્યાસ પણ ઉપયોગી બની શકે.

### ડાયમંડ અને ટેક્સટાઈલ પછી હવે IT, AI, FinTech અને GCC આધારિત નવી આર્થિક ક્રાંતિનો સમય,દક્ષિણ ગુજરાત પાસે નાયબ મુખ્યમંત્રી, ઉદ્યોગમંત્રી, નાણામંત્રી,ઊર્જામંત્રી અને આરોગ્યમંત્રી છતાં વૈશ્વિક ટેકનોલોજી નકશા પર સુરત પાછળ કેમ?

મોટા IT પાર્ક પહેલાં ગૌરવ પથ, યુનિવર્સિટી રોડ, VIP રોડ, ડિજિટલ વેલી,SVNIT, બુલેટ ટ્રેન અને MMTH વિસ્તારમાં પ્રીમિયમ કો વર્કિંગ ઇકોસિસ્ટમ ઊભી કરવાની જરૂર છે. WeWork, Smartworks, Awfis, Innov8 અને BootStart જેવી કંપનીઓને સુરતમાં આમંત્રિત કરી શકાય.

વિઝન 2026થી 2035 સુધીનું IT રોડમેપ નક્કી કરવો પડે,એમ Vision 2026: Surat IT Mission જાહેર કરી SUDA-મનપાની TP યોજનાઓમાં IT SEZ માટે જમીન અનામત રાખવી અને IT Park, FinTech Park તથા Startup Villageનું આયોજન, Vision 2027: ભૂમિપૂજન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત સુરત IT સેક્ટર સમિટ,વિઝન 2028: પ્રીમિયમ આઇટી પાર્ક,પ્લગ એન્ડ પ્લે ટેક પાર્ક, ઇનોવેશન સેન્ટર,સ્ટાર્ટઅપ વિલેજ, અને કો - વર્કિંગ કેમ્પસ હોવું જોઈએ.વિઝન 2029: પ્રથમ વૈશ્વિક IT

### બિઝનેસ વ્યૂ

કંપનીઓનું સુરતમાં ઓપરેશન શરૂ કરાવવું.એ પછીવિઝન 2035: સુરતને ભારતના અગ્રણી IT, AI, FinTech અને Innovation Hub તરીકે વિકસાવવું જોઈએ.

વિશ્વાસ સાવંત કહે છે કે,”ખજોદ ડ્રીમ સિટીમાં ફીણ ટેક - GCC ઝોન વિકસાવવો જોઈએ.ખજોદ-DREAM City-ઉભરાટ કોરિડોરમાં GIFT City જેવી FinTech અને GCC Zone વિકસાવવાની સાથે હજીરા Industrial Belt, ટેક્સટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે કેપ્ટિવ ટેક્નોલોજી પાર્ક્સ ઊભા કરી શકાય. ટીસીએસ,વિપ્રો, ઇન્ફોસિસ,ટેક.મહિન્દ્રા, HCLTech, Accenture, IBM, Oracle, Cognizant, Capgemini, Deloitte, EY, PwC, KPMG, LTIMindtree અને S&P Global જેવી કંપનીઓનું આગમન સ્થાનિક IT કંપનીઓ, સ્ટાર્ટઅપ અને SMEs માટે AI, ક્લાઉડ,સાયબર સિક્યોરિટી,કન્સલ્ટિંગ,અને સોફ્ટવેર ડેવલપમેન્ટમાં વિશાળ તકો ઊભી કરી શકે છે.સુરત માટે હવે સવાલ માત્ર IT Parkનો નથી; આગામી પેઢીના આર્થિક મોડલનો છે–‘Not Now, Then Never’.

### બ્રેઇન ડ્રેઇન સુરત માટે સૌથી મોટો પડકાર,દર વર્ષે સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી હજારો સ્કિલ્ડ યુવાનોનું પલાયન

સુરતનો વિકાસ મુખ્યત્વે ત્રણ મોટા આધારસ્તંભ પર થયો છે.ડાયમંડ ઉદ્યોગ,ટેક્સટાઇલ ઉદ્યોગ,હજીરા ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ, પરંતુ છેલ્લા ચાર દાયકામાં સુરતમાં મોટા પાયે નવી ટેક્નોલોજી આધારિત રોજગારી સર્જન કરતો કોઈ નવો ઉદ્યોગ વિકસ્યો નથી. પરિણામે શહેરની અર્થવ્યવસ્થા હજુ પણ મર્યાદિત ક્ષેત્રો પર આધારિત છે.

ડિજિટલ ક્રાંતિ વિષય પર સારું સંશોધન કાર્ય કરનાર મૂળ સુરતી વિશ્વાસ સાવંતના મતે હવે સુરતને IT, AI, Robotics, FinTech, Cyber Security અને Research આધારિત નવી આર્થિક એન્જિનની જરૂર છે.બ્રેઇન ડ્રેઇન સુરત માટે સૌથી મોટો પડકાર

દર વર્ષે સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી હજારો વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ ,કમ્પ્યુટર સાયન્સ, MCA, BCA, MSc IT, CA અને Commerce જેવી ડિગ્રી પૂર્ણ કરે છે.પરંતુ તેમની સામે સામાન્ય રીતે ત્રણ વિકલ્પ રહે છે.

1.રોજગાર માટે સુરત છોડવું,

2.ઓછી આવકવાળી સ્થાનિક નોકરી સ્વીકારવી,

3.વ્યવસાય અથવા ક્ષેત્ર બદલવું,પરિણામે હજારો યુવાનો પુણે, બેંગલુરુ,હૈદરાબાદ,અમદાવાદ-ગાંધીનગર, વડોદરા, મુંબઈ અને દિલ્હી-NCR તરફ સ્થળાંતર કરે છે.

સાવંત માને છે કે સુરતમાં પ્રતિભાનો અભાવ નથી, પરંતુ સંપૂર્ણ IT ઇકોસિસ્ટમનો અભાવ છે.

### સુરત વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી રહ્યું છે, પણ ભવિષ્યની રોજગારી આપતા ઉદ્યોગો તરફ બેદરકાર

આજે સુરત પાસે અનેક મહત્વના વિકાસ આધારસ્તંભ ઉપલબ્ધ છે.સુરત વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી રહ્યું છે,પણ ભવિષ્યની રોજગારી આપતા ઉદ્યોગો તરફ ગુજરાત સરકાર બેદરકાર વિઝન લેસ જણાય છે.ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર સુરતને નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રી તરીકે હર્ષ સંઘવીને અને નાણામંત્રી તરીકે વલસાડના કનુભાઈ દેસાઈ,આરોગ્ય મંત્રી તરીકે પ્રફુલ પાનશેરિયા સ્વતંત્ર હવાલો ધરાવે છે.તો કેન્દ્રીય કેબિનેટમાં સીઆર.પાટીલ કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવે છે.સુરત અને દક્ષિણ ગુજરાતને રાજસત્તા આવો સુવર્ણકાળ મળવાની શક્યતા ભવિષ્યમાં મળશે કે કેમ એક મોટો પ્રશ્ન છે.દક્ષિણ ગુજરાતમાં સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ,મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન,મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH)

હજીરા ડીપ સી પોર્ટ, મગદલ્લા પોર્ટ,દિલ્હી-મુંબઈ,ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC)

ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર,NH-48, NH-53, NH-64 અને આઉટર રિંગ રોડ,વિશ્વનું સૌથી મોટું ડાયમંડ ક્લસ્ટર,દેશનું સૌથી મોટું ટેક્સટાઇલ ક્લસ્ટર

હજીરા મેન્યુફેક્ચરિંગ બેલ્ટ,આ તમામ સુવિધાઓ હોવા છતાં સુરત પાસે હજુ સુધી વૈશ્વિક IT અર્થતંત્રનો આધારસ્તંભ ખૂટે છે.

## ભારતીય કોફીએ વિશ્વભરમાં સ્વાદ અને સુંગધથી ધૂમ મચાવી



વિશ્વભરમાં ભારતની કોફીનો સ્વાદ અને સુગંધથી ધૂમ મચાવી રહી છે. 2025માં ભારતીય કોફી ઉદ્યોગ માટે ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનવાનું છે, કેમ કે વધતી વૈશ્વિક માગ અને ઉંચા ભાવોના કારણે નિકાસ પ્રથમ વખત 2 બિલિયન ડોલરના આંકડાને પાર કરવાની તૈયારીમાં છે. હાલમાં કોફીની નિકાસ બમણી થઇ ચુકી છે. સરકારના અથાગ પ્રયાસો અને પ્રોત્સાહનના કારણે કોફીની નિકાસને વેગ મળી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કોફીની નિકાસમાં ઝડપી વૃદ્ધિ જોવા મળી છે.

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ભારતીય કોફીની નિકાસ 140થી વધુ દેશોમાં કરવામાં આવી હતી, જેમાં સંયુક્ત આરબ અમીરાત, લિબિયા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, ઈજિપ્ત, કુવૈત અને યુનાઈટેડ કિંગડમ જેવા ઉભરતા બજારોની સાથે જિબુટી, માઈક્રોનેશિયા અને તિમોર-લેસ્ટે વગેરે જેવા નવા બજારોમાં કોફીની નિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે.

### સ્પેશિયલ

કોફી બોર્ડના અહેવાલ મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય કોફી નિકાસનું મૂલ્ય બમણું થયું છે. 2025 કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીમાં નિકાસ 1.97 બિલિયન ડોલર સુધી પહોંચી છે, જે ગયા વર્ષ કરતાં લગભગ 21 ટકા વધુ છે. રૂપિયામાં આ આંકડો 17,000 કરોડ રૂપિયાને વટાવી ગયો છે. નિષ્ણાતોનું માનવું છે કે વર્ષ પુરૂં થતાં પહેલાં આ સરળતાથી 2 બિલિયન ડોલરને પાર કરી જશે.

મહત્વની બાબત એ છે કે, કોફી બજારના હરિફ દેશો બ્રાઝિલ અને વિયેતનામ જેવા મોટા ઉત્પાદક દેશોમાં ઉત્પાદન સમસ્યાઓને કારણે વિશ્વભરમાં કોફીના ભાવ ઊંચા છે, જેનો લાભ ભારતને મળી રહ્યો છે. ભારતીય રોબસ્ટા અને અરેબિકા કોફી આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રીમિયમ ભાવે વેચાઈ રહી છે. પરિણામે, નિકાસની માત્રામાં થોડો ઘટાડો થયો છે, પરંતુ કમાણીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન, નાણાકીય વર્ષ 2024-25ની સરખામણીમાં જીઆઈ-રજિસ્ટર્ડ અરેબિકા અને રોબસ્ટા કોફીના સરેરાશ નિકાસ એકમ મૂલ્યમાં અનુક્રમે 34.36 ટકા અને 29.73 ટકાનો વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત વિશ્વમાં સાતમો સૌથી મોટો કોફી ઉત્પાદક અને પાંચમો સૌથી મોટો નિકાસકાર છે. વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો આશરે 5 ટકા છે. છેલ્લા ચાર વર્ષથી નિકાસ સતત એક બિલિયનથી વધુ રહી છે. ભારતીય કોફી તેની ઉત્તમ ગુણવત્તા અને સ્વાદને લીધે લંડન અને ન્યુયોર્ક જેવા બજારોમાં પ્રીમિયમ કમાન્ડ કરે છે. યુરોપ ભારતીય કોફીનું સૌથી મોટું બજાર છે. ઇટાલીમાં લગભગ 18 ટકા હિસ્સો છે. જ્યારે જર્મની, બેલ્જિયમ, રશિયા અને યુએઈ મુખ્ય આયાતકાર દેશો છે.

ઊંચા ભાવોને લીધે ખેડૂતોની આવકમાં સુધારો થયો છે. જો વૈશ્વિક ભાવ આવી જ સ્થિર રહેશે, તો આગામી વર્ષોમાં ભારતીય કોફી ઉદ્યોગ વધુ મજબૂત બનશે. આ સફળતા કર્ણાટક, કેરળ અને તમિલનાડુ જેવા રાજ્યોના ખેડૂતોની મહેનતનું પરિણામ છે. ભારતીય કોફીની આ વૈશ્વિક સફળતા દેશના કૃષિ ક્ષેત્ર માટે ગર્વની વાત છે.

બીજી તરફ, સરકાર અને કોફી બોર્ડ જીઆઈ ટેગવાળી કોફીને પ્રોત્સાહન આપવા અને કોફી ઉત્પાદકોને જીઆઈ રજિસ્ટર્ડ કોફીની ખેતી માટે ટેકો આપવા માટે ઘણી પહેલ હાથ ધરી છે.

### ભારતીય કોફી 140 દેશો સુધી પહોંચી, વૈશ્વિક માગ ઉછળતા કોફીની નિકાસ બે બિલિયન ડોલરને આંબી જશે

‘વાયનાડ રોબસ્ટા કોફી’ ભૌગોલિક સંકેત (જીઆઇ) તરીકે નોંધાયેલી છે. કોફી બોર્ડ જીઆઈ-ટેગ કરેલી કોફી માટે અધિકૃત યુઝર રજિસ્ટ્રાર છે અને કોફી વેલ્યુ ચેઈનના તમામ હિસ્સેદારો માટે જીઆઈ વપરાશકર્તા નોંધણી પર નિયમિત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરે છે.

બોર્ડ જીઆઈ કોફી ટેસ્ટિંગ સત્રો, ખરીદનાર-વિક્રેતા મીટનું પણ આયોજન કરે છે અને જીઆઈ-ટેગ કરેલી કોફીને પ્રોત્સાહન આપવા માટે કોફી-કેન્દ્રિત વેપાર મેળાઓ અને ફૂડ એન્ડ બેવરેજ ઈવેન્ટ્સમાં ભાગ લે છે. વિશ્વના વિવિધ પ્રદેશોમાં ભારતીય કોફીને પ્રોત્સાહન આપવા માટે, કોફી બોર્ડે 2018-19થી 41 આંતરરાષ્ટ્રીય મેળાઓમાં ભાગ લીધો છે.